# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૮૭ • તા.૯ ડિસેમ્બર થી ૧૫ ડિસેમ્બર ૨૦૨૩



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




# અબડાસા મોટી પંચતીર્થીના ૧૬૨ વર્ષ પ્રાચીન કોઠારા તીર્થ જિનાલયનું જીર્ણોદ્ધાર કાર્ય પૂરજોશમાં શરૂ

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member





# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# ચિંતા ચિતા સમાન

કેટલીક વ્યક્તિ પર નાનકડી એવી મુશ્કેલી કે દુ:ખ આવી પડે તો જાણે રાઈનો પહાડ આવી પડ્યો હોય એવી યાતના આવી ચડી એવો ભાર લઈ લે છે. હતાશા, નિરાશા અને પરેશાનીથી લમણે હાથ મૂકીને નવરા બેસી પોતાની જાતને, પોતાના નસીબને અને હાથે ચડ્યા એને કોસે છે. જેના પર ભરોસો મૂક્યો એ વ્યક્તિ દગો કર્યો હોય, નોકરી ચાલી ગઈ હોય, ધંધામાં ખોટ ગઈ હોય, કોઈ પૈસા તફડાવી ગયું હોય, માંદગીને કારણે શરીર અસ્વસ્થ રહે અથવા ઘર પરિવારમાં કલેહ કંકાસથી ત્રસ્ત હોય ત્યારે હતાશા અને નિરાશાની ઊંડી ખીણમાં ઉતરી જાય છે. જાણે કે આભ તૂટી પડ્યું હોય. આવા ઢીલા પોચાં નરમ દિલ ઈન્સાન ખરું માનો તો નાના નાના દુ:ખોને પંપાળીને મોટા કરે છે. આવી ચડેલી મુસીબતોનો સામનો કેમ કરવો એ વિચારવાને બદલે તકલીફ આવી, સંકટ આવ્યું એની પળો જણ માંથી ઊંચા નથી આવતા.

સુખ અને દુ:ખનું ચક્ર એક ઘટમાળ છે. એ જીવનનું સત્ય છે. એ સ્વીકારીએ અને તેનો મુકાબલો કરીએ મહત્વનું છે. સમય અને સંજોગોને લીધે આવી પડતી તકલીફોને આપણે કેવી રીતે હેન્ડલ કરીએ છીએ એનાથી જ તો આપણું ભવિષ્ય ઘડાય છે. સુખ દુ:ખની વાતોને આપણે મન પર કેવી રીતે લઈએ છીએ તેના પર ખરો મદાર છે. આપતિ અને ઉન્નતિમાં કેવી રીતે રહેવું આપણા હાથમાં છે. આધિ, વ્યાધિ અને ઉપાધિ સૌને આવે છે. આ આપદા સો કેટલીક આકસ્મિક હોય છે, કેટલીક આપણે પોતે ઊભી કરેલી હોય છે, તો અમુક કર્મ, સંજોગો અને સમયને કારણે સર્જાતી હોય છે. ચિંતા કોને નથી હોતી? આ ચિંતાનો ભાર સતત આપણા મનો મસ્તિક ઉપર સતત મંડરાયેલો હોય તો એનાથી આપણું મનોબળ નબળું પડે છે. જે અંદરથી ખોખલું કરી દે છે જાણે ઉધઈ લાકડાને કોરીને પોકળ કરી દેતી હોય છે.

મોટા ભાગની ચિંતા બિનજરૂરી, નાહક આપણે ઊભી કરેલી હોય છે. શાંત, સ્થિર, મનથી, સમાધાનપૂર્વક વિચારી પગલું ભરીએ તો આપોઆપ તેનો ઉકેલ સ્ફુરી આવે. દરેક સમસ્યા તેનું સમાધાન લઈને જન્મે છે. માત્ર તેની શોધ આપણને કરવી પડે છે. ધીરજપૂર્વકના પ્રયાસો અને સાનુકુળ સમયની રાહ જોવી એ આવી તકલીફો હટાવવાનો ખરો માર્ગ બની શકે છે.

વ્યક્તિ માત્રને વર્તમાનની ચિંતાઓ જેટલી નથી સતાવતી એટલી ભવિષ્યમાં શું થશે એની ભયાવહ કલ્પના ભયભીત કરે છે. આ વિકરાળ હાઉને લીધે દુ:ખી અને ભયભીત રહી પોતાની હિંમત, ધૈર્ય અને કુશળતા ખોઈ બેસે છે. કેટલીક વ્યક્તિઓ લમણે હાથ ધરી બેસી રહેનારા હોય છે. તો કેટલાક 'પડશે એવા દેવાશે' એ નીતિને નજર સમક્ષ રાખીને ચાલનારા હોય છે. આ વિચાર ધરાવનારા ખોટી ચિંતા કરતા નથી અને ચિંતાને કારણે પોતાની ચિતા ન ખડકાય એની ચાવત રાખે છે. માટે જ જ્ઞાનીઓ કહી ગયા છે. 'ચિંતા સે ચતુરાઈ ઘટે, ઘટે રૂપ, બળ ઔર જ્ઞાન, ચિંતા બડી અભાગણી, ચિંતા ચિતા સમાન.'

– જય જ્ઞાતિમૈયા

# અસમજણથી જીવન બગડે છે

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

જૈન ધર્મમાં અહિંસાને જેટલું મહત્વ અપાયું છે એટલું દુનિયાના કોઈ કરતાં કોઈ ધર્મ આપ્યું નથી. એટલે અહિંસા જૈન ધર્મનો પ્રાણ છે. અહિંસાની ભાવના વગર જૈન ધર્મની કલ્પના પણ કરી શકાય નહીં. જૈન ધર્મમાં અહિંસાનો સુક્ષ્મ સ્વરૂપમાં વિચાર થયો છે. મન, વચન, કર્મ વડે કોઈનું પણ અહિત થાય એવું વિચારવું નહીં, બોલવું નહીં અને કર્મથી કરવું નહીં. સર્વ જીવો પ્રત્યે પ્રેમ, દયા અને કરૂણા રાખવાનો બોધ ધર્મમાં અપાયો છે. જૈન ધર્મમાં પાંચ મહાવ્રતોનું વિશેષ મહત્વ દર્શાવાયું છે. ધર્મનું આ હાર્દ છે. સાધુ સાધ્વી ભગવંતો પંચ મહાવ્રત ધારીઓ હોય છે. જે પાંચ મહાવ્રતોનું પાલન કરે છે. આ મહાવ્રતો છે અહિંસા, અપરિગ્રહ, અચૌર્ય, અકામ અને અપ્રમાદ. જેનો અર્થ છે કોઈ જીવને તકલીફ ન દેવી, હિંસા ન કરવી, જુઠું બોલવું નહીં, ચોરી કરવી નહીં, બ્રહ્મચર્યનું પાલન કરવું, કોઈ ચીજનો પરિગ્રહ રાખવો નહીં. આ જૈન ધર્મના સાધુઓ માટેની આદર્શ આચારસંહિતા છે. તો સકલ સંઘના શ્રાવકો પણ ઉતરોતર આ ગુણો વિકસાવી, જીવનમાં ઉતારીને, સંસારમાં રહીને ઉચ્ચતમ કક્ષાએ પહોંચી શકે છે.

ક્રોધ, માન, માયા, ઈર્ષા અને લોભ આ બધા હિંસાના સુક્ષ્મ સ્વરૂપો છે. હિંસા સુક્ષ્મપણે આપણી અંદર પ્રસરેલી છે. પછી તે ક્રોધ રૂપમાં હોય લોભના સ્વરૂપે હોય કે લાલચના રૂપમાં હોય. ઘૃણા અને તિરસ્કાર હોય ત્યાં પ્રેમ સંભવી શકે નહીં. પ્રેમ અને સ્નેહનો અભાવ છે ત્યાં હિસા એક યા બીજા સ્વરૂપે પ્રગટ થયા વગર રહેવાની નથી. હું અને તું, મારું અને તારું જેવા ભેદ ભાવ છે ત્યાં રાગ અને દ્વેષ દેખાયા વગર રહેવાના નથી. સામાવાળાને આપણે સમજીએ ત્યારે પ્રેમ પ્રગટ થાય છે અને પોતીકો હોવાનો ભાવ પ્રગટે છે. પ્રેમમાં પણ જો આગ્રહ હોય, જીદ હોય, દબાણ હોય, સતામણી હોય તો એ પ્રેમ હિંસાનું સુક્ષ્મ સ્વરૂપ બની જાય છે.

માણસ સંતાપને કારણે પોતાની જાત પર વધુ પડતી હિંસા કરતો હોય છે. પોતાની જાત પર જેટલું જુલમ કરે છે એટલું ભાગ્યે જ બીજા કોઈ સાથે કરતો હોય છે. અન્ય પર ગુસ્સો કરવો, તેને હેરાન પરેશાન કરવાની એક તક પણ જતી ન થાય એ ખાસ ધ્યાન રાખવું આપણને ગમે છે. આમ અન્યને પીડા આપવા, તેમને પરેશાન કરવા માટે સતત તત્પર રહીએ છીએ. સામેવાળો સતત આપણાથી નીચો રહે, આપણાથી પ્રગતિ ન કરે એ જોવામાં આપણે આપણું સુખ ભોગવી શકતા નથી. અંદર ખાલીપો વિસ્તરતો જાય છે એટલે બહારની ચીજોથી ખાલીપાને ભરવાનો પ્રયાસ કરીએ છીએ. માણસ જો અંદરથી તૃપ્ત અને ભરેલો હોય તો તેને બહારની કોઈ ચીજ કે વસ્તુ ભરી શકતી નથી. માણસ ધન, દોલત, પદ, પ્રતિષ્ઠાથી આ ખાલીપાને ભરવાનો પ્રયાસ કરે છે. પરંતુ અંદર તૃપ્તિ થતી નથી અને બહાર સંતોષ દેખાતો નથી. જેટલું મળે છે એ એને ઓછું લાગે છે અને વધુને વધુ મેળવવાની ઝંખના જાગે છે. પૈસા અને પ્રતિષ્ઠા વધતી જાય એમ જીવન દૂર થતું જાય છે. જિંદગીના આરે ઊભેલો વ્યક્તિ વધુ પરિગ્રહી બની જાય છે અને દરેક પ્રકારના દુર્ગુણો, દૂષણોને જોરથી પકડી રાખે છે અને છેલ્લે છેલ્લે જીવનનો અંતકાળ પણ બેચેની ભર્યું બની જાય છે, બોજીલું બની જાય છે.

# અબડાસા મોટી પંચતીર્થીના ૧૬૨ વર્ષ પ્રાચીન કોઠારા તીર્થ જિનાલયનું જીર્ણોધ્ધાર કાર્ય પૂરજોશમાં શરૂ છે



અબડાસા મોટી પંચતીર્થીનાં કોઠારા તીર્થનું જીર્ણોદ્ધાર કાર્ય પુરજોશમાં ચાલુ છે. વિક્રમ સવંત ૧૯૧૮માં નિર્માણ પામેલ આ જૈન જિનાલય મોખરાનું સ્થાન ધરાવે છે.

૭૮ ફુટ લાંબુ, ૬૯ ફુટ પહોળું અને ૭૪ ફુટની ઉંચાઇ ધરાવતું કચ્છનું પ્રાચીન શિખરબદ્ધ જિનાલય છે. જે તેની ભવ્યતા-વિશાળતા અને કલાકારીગરીથી જગ વિખ્યાત છે. મુળનાયક શ્રી શાંતિનાથ પ્રભુજીનું આ જિનાલય-તેની ઊંચાઇ-કોતરકામ-શિલ્પકામ માટે સુપ્રસિદ્ધ છે.

કચ્છનાં સાભરાઇ ગામનાં સલાટ નથુભાઇ રાઘવજીની દેખરેખ હેઠળ ૪૦૦ કુશળ કારીગરીઓ અથાગ પરિશ્રમથી આ જૈન દેરાસરનું નિર્માણ કાર્ય ચાર વર્ષમાં પૂર્ણ કરેલ. શેઠ શ્રી શીવજી નેણશીં, શેઠ શ્રી વેલજી માલુ તથા શેઠ શ્રી કેશવજી નાયકે આ ભવ્યાતિભવ્ય જિનાલયનું નિર્માણ કરાવ્યું હતું.

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. એ શ્રી સંઘો-મહાજનશ્રીઓને દેવદ્રવ્ય સુપનદ્રવ્યમાંથી વિશેષ રકમ ફાળવી આ જીર્ણોદ્ધાર કાર્યમાં સહયોગી બનવા પ્રેરણા આપી છે.

૧૬૨ વર્ષ પ્રાચીન આ વિશાળ જિનાલયનાં જીર્ણોદ્ધાર કાર્યમાં દેવદ્રવ્યરાશિ ફાળવવા શ્રી સંઘો તથા મહાજનોને શ્રી કોઠારા જૈન દેરાસર ટ્રસ્ટ દ્વારા અપીલ કરવામાં આવી છે. દાતાશ્રીઓ તથા સર્વે શ્રાવક-શ્રાવિકાઓને આ કાર્યમાં પ્રોત્સાહન આપવા જણાવાયું છે. આ એક ઐતિહાસિક અવસર હોઇ તેમજ પ્રાચીન જિનાલય તિર્થનો જીર્ણોદ્ધાર કાર્ય થતું હોઇ જીર્ણોદ્ધાર કાર્યમાં લક્ષ્મીનો સદુપયોગ કરી લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવા કોઠારા જૈન દેરાસર અને સાધારણ ફંડ ટ્રસ્ટ કોઠારા દ્વારા સૌને ભાવભરી વિનંતી કરવામાં આવી છે.

કોઠારા જૈન ભોજનશાળાનું પણ નવનીકરણ ચાલુ છે. અતિથિગૃહનાં છ રૂમોનું નિર્માણ કાર્ય ચાલુ છે. કોઠારા પાંજરાપોળ મધ્યે ગોદામોનું કામ પણ ચાલુ છે. આમ કોઠારા તિર્થ વિકાસ પામી રહ્યું છે. દાતાશ્રીઓને વિવિધ યોજનાઓનું લાભ લેવા વિનંતી કરાઇ છે.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિ દિવ્યાંગ શક્તિ દાતાની અનુમોદના

કુંડીઓ દિવ્યાંગ પાલક

KDO દિવ્યાંગ

**શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન**

**"આવો એક થઈએ સમાજ આગળ ધપાવીએ"**

દિવ્યાંગોને સાચી રીતે જ શારીરિક તથા માનસિક પડકાર ઝીલનાર કહેવાયા છે. નિયતી અને ઈશ્વરે આપેલા આ પડકારને તેઓ હસતા મુખે ઝીલી શકે તેવા પ્રયત્નો કરવાએ ઈશ્વરની આરાધના સમાન છે. આ દિવ્યાંગો પ્રત્યે માત્ર સહાનુભૂતિ દર્શાવવાની નહીં, પરંતુ તેઓ સામાન્ય માનવીઓની જેમ જ સર્વાંગી વિકાસ સાધી શકે તેની પ્રત્યેક પ્રગતિશીલ સમાજની જવાબદારી છે.



## અ. સૌ. કિંજલ પાર્થ નાગડા

ના લગ્ન ની ખુશાલી નિમિતે

**હસ્તે: અ. સૌ.. રમિલા હિતેશ કુરૂવા, ગોધરા તથા**
**અ. સૌ. જ્યોતિ શૈલેષ નાગડા, તેરા**
**ગામ તેરા હાલ મસ્જિદ બંદર**

## દિવ્યાંગ શક્તિ

## Rs. 11,111

**હાર્દિક અભિનંદન, ભૂરી ભૂરી અનુમોદના**

શ્રી સમસ્ત મહાજનની જ્ઞાતિના દિવ્યાંગજનોને આધાર આપી શક્તિ આપી કલ્યાણકારી દિવ્યાંગ સમિતિની દિવ્યાંગ પાલક યોજનામાં ઉદારજનો પોતાની સ્વચ્છાએ શક્તિ મુજબ સાથ આપી સબળ ટેકો આપી અનુકંપાનો ભાવ દર્શાવી માનવતાનો ઉત્તમ ઉદાહરણ પુરૂં પાડી અ.સૌ.કિંજલ પાર્થ નાગડાના લગ્નની ખુશાલી અન્યોને વહેંચવા રૂા.૧૧ હાજરનું અનુદાન આપી. દિવ્યાંગ શક્તિની યાદીમાં સામેલ થયાં છે. પરિવારની ખુશી પ્રસંગે અ.સૌ.રમિલાબેન હિતેશ કુરૂવા ગોધરા તથા અ.સૌ.જ્યોતિબેન શૈલેશ નાગડા તેરા હાલે મસ્જિદ બંદર માનવ સમાજના હિતને નજર સમક્ષ રાખી ઉત્તમ સેવા કાર્ય કર્યું છે. જેની અઢળક અનુમોદના કરી હર્ષ વ્યક્ત કરીએ છીએ.

# ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Estd. 1984

## With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

| | | | | |
|---|---|---|---|---|
| HOME LOAN *7.99% (p.a.) | 2 WHEELER LOAN *7.99% (p.a.) | CAR LOAN *7.99% (p.a.) | PRE OWNED CAR LOAN *9.49% (p.a.) | eAUTO LOAN *7.99% (p.a.) |
| COMMERCIAL VEHICLE LOAN *9.49% (p.a.) | PRE OWNED CV LOAN *9.99% (p.a.) | EDUCATION LOAN *8.49% (p.a.) | TRADE LOAN *8.49% (p.a.) | LOAN AGAINST PROPERTY *9.49% (p.a.) |
| MORTGAGE LOAN *7.99% (p.a.) | COMMERCIAL (CRE) LOAN *8.49% (p.a.) | LOAN AGAINST INSURANCE POLICY *7.75% (p.a.) | GOLD LOAN *7.99% (p.a.) | MACHINES LOAN *8.49% (p.a.) |

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office :** GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | | |
|---|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 | |
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

## SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
**Toll Free : 1800 221 984**

Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)



www.arihantbank.com @ ArihantBank

# પ.પૂ.સાધ્વીશ્રી મહાયશાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના સુવર્ણ વર્ષમાં પ્રવેશ



કચ્છ સુથરી ગામના માવિત્ર જમકુબાઈ પદમશી આણંદજી લોડાયાના ધર્માનુરાગી, ધર્મસંસ્કારી દિકરી મીઠીબાઈએ વિક્રમ સંવત ૨૦૩૧ના કારતક વદ ૧૦ તિથિએ સુથરી ગામે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી, ગુરૂમૈયા પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે પ.પૂ.સાધ્વીશ્રી મહાયશાશ્રીજી મ.સા. તરીકેનું નામ ગ્રહણ કરી સંયમ જીવનના પાવન પથનું વિચરણ પ્રારંભ કર્યું.

એક, બે, પાંચ, દસ, વીસ, પચીસ વર્ષથી પણ આગળ વધતા આજે પૂજ્ય સાહેબ સંયમ જીવના પંથે આગળ વધતા ઓગણ પચાસ વર્ષ વિક્રમ સંવત ૨૦૮૦ના કારતક વદ ૧૦ તિથિ દિને સફળ રીતે પૂર્ણ કર્યાની સિધ્ધિ પ્રાપ્ત કરી અને ૫૦મા સુવર્ણ વર્ષમાં ધન્યતા સાથે પ્રવેશ કર્યો છે.

ત્યારે આ પાવન પ્રસંગે પૂજ્ય સાહેબની ક્ષેમ કુશળતા ઈચ્છા હીરક અમૃતથી આગળ વધી શતક વર્ષના ઉચ્ચ શિખરે ધર્મ આરાધના તપ ત્યાગ ભાવ કરતાં બિરાજે એજ હૃદયની શુભ કામના. શુભ ભાવના સાથે શત શત વંદન.


# પ.પૂ.સાધ્વીશ્રી સૌમ્યલતાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના ૫૧ વર્ષમાં પ્રવેશ



વિક્રમ સંવત ૨૦૩૦ના કારતક વદ ૧૦ તિથિએ કચ્છ ગામ જખૌના માવિત્ર લક્ષ્મીબેન ખેતશી કાનજીના ધર્માનુરાગી, ધર્મ સંસ્કારી પુત્રી સુથરી તીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી સંયમ જીવન ગુરૂમૈયા પ.પૂ.સાધ્વીશ્રી મનહરશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે પ.પૂ. સૌમ્યલતાશ્રીજી મ.સા. તરીકે નામ સ્વીકારી શરૂ કર્યું.

આજે વિક્રમ સંવત ૨૦૮૦ કારતક વદી ૧૦ની તિથિ દિને પ.પૂ. મહારાજ સાહેબ ધર્મ, તપ ત્યાગ અને આરાધના કરી પચાસ વર્ષની અનેરી સિધ્ધિ પ્રાપ્ત કરી સીમાચિહ્ન સમા એકાવન વર્ષમાં પ્રવેશ કર્યો છે. ત્યારે હૈયે હરખની લાગણી વચ્ચે એજ શુભકામના, ઈચ્છીએ કે સાહેબજીનું આગામી સંયમ કાળ જીવન હીરક, અમૃત વળોટી સર્વોચ્ચ શત શિખરની સિધ્ધિ પામે એ શુભ કામના, શુભ ભાવના સાથે વંદના.

# સ્મરણાંજલિ



## સ્વ.કિર્તીકુમાર પદમશી લોડાયા (ઉં.વર્ષ - ૭૫)

**(અરિહંતશરણ - શનિવાર : ૮-૧૨-૨૦૨૩)**

ગામ : સુથરી, હાલ : મુલુંડ

*જન્મ તેનું મૃત્યુ, ઉદય તેનો અસ્ત એ સનાતન*
*સત્ય હોવા છતાં કેટલા મૃત્યુ એવા હોય છે જેના ઘાવ રૂઝાતા નથી.*
*પ્રભુ આપના દિવ્યત્મ આત્માને શાશ્વત શાંતિ આપે એજ પ્રાર્થના*

**-:: શ્રદ્ધાસુમન ::-**

**માતુશ્રી જમકુબાઈ પદમશી આણંદજી પરિવાર**
**માતુશ્રી ધનબાઈ જેઠાભાઈ ખીયરાજ ખોના પરિવાર**
**માતુશ્રી રમીલાબેન જયચંદ નાગડા પરિવાર**
**માતુશ્રી મધુબેન લહેરચંદ ડાઘા પરિવાર**
**સુચીકા રાની રોપીન નાગડા**
**ક્રિશા સીમા મનિષ ડાઘા**

# પ.પૂ.સાધ્વીશ્રી ચૈતન્યારક્ષિતાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના ૨૯મા વર્ષમાં પ્રવેશ



હાલાર પ્રાંતના ભરૂડીયા નગરના માવિત્ર હંસાબેન રતિલાલ પદમશી ધરમશીના સંયમ જીવનના સંકલ્પ મનમાં ઉછેરી ધર્મ ભક્તિમાં રંગાયેલ પુત્રી વિક્રમ સંવત ૨૦૫૨ના કારતક વદ ૧૧ તિથિએ ભરૂડિયા (હાલાર) નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા સ્વીકારી સંયમ જીવન પંથના પ્રવાસી બની ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી દેવરક્ષિતાશ્રીજી મ.સા.ના આજ્ઞાંકિત શિષ્યા તરીકે પ.પૂ.સાધ્વીશ્રી ચૈતન્યારક્ષિતાશ્રીજી મ.સા. તરીકે ઓળખ પામ્યાં.

આજે વિક્રમ સંવત ૨૦૮૦ કારતક વદી ૧૧ના તિથિ દિને પૂજ્ય સાહેબ સંયમ જીવનની સફરના ૨૮ વર્ષ અદ્‌ભૂત ધર્મ ભાવ સાથે પરિપૂર્ણ કરી સફળ રીતે ૨૯મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ત્યારે હરખનાદ કરતાં હૈયે સાહેબ માટે ખુશી સાથે ઈચ્છીએ કે સંયમ જીવનનો આગામી સમય તપ, ત્યાગ અને ધર્મ આરાધના સાથે આગળ વધી સુવર્ણ, હીરક અમૃત વર્ષનો લાંઘીને શતકની સિધ્ધિ શિખર બિરાજે એ શુભકામના અંતર અભિલાષા સાથે વંદન વારંવાર.

# પ.પૂ.સાધ્વીશ્રી વર્ધમાનગુણાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના ૧૭મા વર્ષમાં પ્રવેશ



કચ્છ ડુમરાના માવિત્ર મીરાબહેન રોહિતભાઈ પોલડીયાની લાડકવાઈ દીકરી વિક્રમ સંવત ૨૦૬૪ના કારતક વદ ૧૦ તિથિ દિને પાલીતાણા તીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી સંયમ જીવનનું વિચરણ પ્રારંભ કર્યું. પ.પૂ.સાધ્વીશ્રી તીર્થગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા બની પ.પૂ.સાધ્વીશ્રી વર્ધમાનગુણાશ્રીજી મ.સા.ની ઓળખ પામ્યા. તપ, ત્યાગ અને ધર્મ આરાધના કરતા સોળ વર્ષ વિક્રમ સંવત ૨૦૮૦ના કારતક વદ ૧૦ તિથિના પરિપૂર્ણ કર્યા અને સતરમા વર્ષમાં પ્રવેશ કર્યો. આ મંગળ અવસર પ્રસંગે પૂજ્ય સાહેબનું સંયમ જીવન અદ્‌ભૂત ધર્મભાવ સાથે રજત, સુવર્ણ હીરક અને અમૃત વર્ષથી આગળ શતક વર્ષ શિખરે પહોંચે એ જ શુભ ભાવના સહ શુભકામના સાથે શત શત વંદના.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિનો | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# પ.પૂ.સાધ્વીશ્રી મલ્લિગુણાશ્રીજી મ.સા.નો સંયમ જીવન સફરના સતરમાં વર્ષમાં પ્રવેશ

વિક્રમ સંવત ૨૦૬૪ના કારતક વદી ૧૦ તિથિ દિને મોટી સિંધોડીના માવિત્ર કલ્પનાબેન જયેશ મૈશેરીની દુહિતા પાલીતાણા તીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી ગુરૂમૈયા પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે પ.પૂ.સાધ્વીશ્રી મલ્લિગુણાશ્રીજી મ.સા. નામકરણ પામી સંયમ જીવનના પથગામી થયા.

આજે વિક્રમ સંવત ૨૦૮૦ કારતક વદી ૧૦ તિથિ દિને પૂજ્ય સાહેબ સંયમ જીવન પંથે વિચરણ કરતાં સોળ વર્ષ પાર કરી સતરમા વર્ષમાં પ્રવેશ કર્યો ત્યારે હૃદયના ભાવ વ્યક્ત કરતા ઈચ્છીએ કે પૂજ્ય સાહેબ તપ, ત્યાગ, ધર્મ આરાધનાથી લિપિત થઈ હજી સફળ રીતે આગળ વધી રજત, સુવર્ણ હીરક અમૃત વર્ષને વળોટી શતક વર્ષના શિખરે સફળ પણે બિરાજે એ જ શુભકામના સાથે વંદના.



# પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રગુણાશ્રીજી મ.સા.એ સંયમ જીવનના સોળ વર્ષ પૂર્ણ કર્યા



વિક્રમ સંવત ૨૦૬૪ કારતક વદ ૧૦ તિથિએ પાલિતાણા તીર્થે મૂળ નલિયાના માવિત્ર વિજયાબેન દિનેશભાઈ પદમશી લોડાયાની લાડકી પુત્રી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી ગુરૂમાતા પ.પૂ.સાધ્વીશ્રી નવકારગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા બની સંયમ જીવન પથના પ્રવાસી થયા. ધર્મ આરાધના, તપ, ત્યાગ અને આત્મા મોક્ષ ભાવ સાથે વિક્રમ સંવત ૨૦૮૦ના કારતક વદી ૧૦ તિથિ દિને પૂજ્ય સાહેબ સંયમ જીવનના સોળ વર્ષ પરિપૂર્ણ કરી સતરમા વર્ષમાં મંગળ પ્રવેશ કર્યો છે.

આ મંગળ ટાણે એ શુભકામના વ્યક્ત કરીએ કે પૂજ્ય સાહેબનું આગામી સંયમ જીવન ગુરૂભક્તોને ધર્મ બોધ આપી મોક્ષ માર્ગ તરફ દોરે અને તપ, ત્યાગ ધર્મ આરાધના કરવાના ભાવ જગાવી સંઘ શાસનનો ધ્વજ ઉત્તુંગ રાખે એ શુભ ભાવ કામના સાથે આયુના શત શિખરે બિરાજે એજ હૃદયની ભાવના.

# કેડીઓ વેલ્ફેર એસોસિયેશનની
## સામાજિક સુરક્ષા યોજના

છેલ્લા ૩૩ વરસથી ચાલતી આ યોજનામાં સભ્યો પાસેથી શરૂઆતમાં લેવામાં આવતી રૂ.૧,000/-, ૨,000/-ની રકમ માર્ચ ૨0૨૩ સુધી ૫૫ વર્ષની ઉમરે રીટાયર્ડ થનારા સભ્યોને મેમ્બરશીપ સર્ટિફિકેટ પરત મંગાવ્યા વગર સામેથી પરત કરવામાં આવતી હતી. સંસ્થાના વિશાળ હિતમાં તથા કાર્ય પધ્ધતિને સરળ બનાવવાનાં હેતુ સર એપ્રિલ ૨0૨૩થી રિફંડ બંધ કરવામાં આવેલ છે.

આ રકમના વ્યાજ તથા આટલા વર્ષોમાં સંચિત થયેલી આવક તથા તેના વ્યાજમાંથી જ ૫૫ વરસની વય પહેલાં અવસાન પામેલા સભ્યના નોમિનીને સહાય રૂપે એપ્રિલ ૨0૨૩ થી રૂ. ૧.00 લાખ આપવામાં આવે છે. (શરૂઆતમાં ૧૯૯0 માં રૂ. ૩0,000/- હતી તે સમયે સમયે વધારીને રૂ. ૪0,000/-, ૫0,000/, ૬0,000/-, ૭૫,000/- કરેલ.) તથા દર વર્ષે બધા સભ્યોનું અકસ્માતનો ગ્રુપ વિમો લઇ અત્યારે અકસ્માતે અવસાન પામનારા સભ્યના પરીવારને રૂ. ૧.00 લાખનું વળતર અપાય છે. ઉપરાંત પરીવાર સંસ્થાના નિયમો મુજબ જરૂરતમંદની કેટેગરીમાં આવે તો વધારાની રૂ.૫0,000/-ની સાધર્મિક સહાયની પણ જોગવાઈ છે.

૧0 મી ડીસેમ્બર સુધીમાં ૧૨,૨૮૭ સભ્યો જોડાયા છે, ૪,૧૩૪ રીટાયર્ડ થયાં છે. ૪૩૩ અવસાન પામેલાઓનાં નોમિનીને કુલ રૂ.૨.૫0 કરોડ જેટલી રકમ ચૂકવાઈ છે.

નવા સભ્ય માટે વય મર્યાદા ૫-૫0 વર્ષ છે. એક જ વખત ભરવાની રકમ રૂ. ૨,000/- છે. ૫૫ વર્ષની વય સુધી કવરેજ રહે છે.

**ફોર્મ માટે અહીં ક્લીક કરો**


દીપક ગંગાજર ડાઘા, મુલુંડ (પ્રમુખ)
8976017830
હિતેશ ઠાકરશી મૈશેરી, હૈદરાબાદ (સેક્રેટરી)
8247242463
Email: welfarekdo@gmail.com


# પ.પૂ.મુનિરાજશ્રી ધર્મશેખર સાગરજી મ.સા.ના સંયમ જીવન પ્રવાસના સોળ વર્ષ પૂર્ણ થયાં



કચ્છ નાની સિંધોડીના માવિત્ર વનિતાબેન સોમચંદ લખમશી ધરમશીના સદ્‌ગુણી ધર્મ સંસ્કારી પુત્ર પાલીતાણા તીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી ગુરૂ પ.પૂ.ગણિવર્ય શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.ના શિષ્ય તરીકે પ.પૂ.મુનિરાજ શ્રી ધર્મશેખરસાગરજી મ.સા.ના નામકરણ સાથે સંયમ જીવન પથનો પ્રવાસ શરૂ કર્યો. વિવિધ માનવજીવોને આત્મકલ્યાણનો મોક્ષ માર્ગ બતાવતા ધર્મ આરાધા અને તપ, ત્યાગ તથા વાણી વ્યાખ્યાનનો સર્વેને લાભ આપતાં સંયમ જીવનના સોળ વર્ષ વિક્રમ સંવત ૨0૮0ના કારતક વદ ૧0 તિથિ દિને પૂર્ણ કરી સફળતાથી સતરમા વર્ષમાં પ્રવેશ કર્યો છે.

આ મંગળ પ્રસંગે શુભ ભાવના સાથે ઈચ્છીએ કે પૂજ્ય સાહેબનો આગામી સંયમ જીવન માનવજીવોનું કલ્યાણ કરી આત્માને મોક્ષ માર્ગ ચીંધે અને તપ, ત્યાગ, ધર્મ આરાધના સાથે સંયમ જીવન રજત, સુવર્ણ, હીરકને અમૃત વર્ષથી આગળ શતક વર્ષની ટોચે પહોંચે એ જ શુભકામના સાથે શત શત વંદના.

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

## 80G સર્ટિફીકેટ
## C.S.R.
CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**


| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન


# પ.પૂ.મુનિરાજ શ્રી અર્હતોદય સાગરજી મ.સા.નો સંયમ જીવનના ત્રીજા વર્ષમાં પુનિત પ્રવેશ

વિક્રમ સંવત ૨૦૭૮ના કારતક વદ ૧૧ તિથિ દિને કચ્છ કોઠારાના ખમાવંતીબેન-જયાબેન પ્રબોધભાઈ હીરાચંદ મુનવરના સદ્‌ભાવી, સદ્‌ગુણી ધર્મસંસ્કારી સુપુત્ર ભુજ નગરે પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા સ્વીકારી પ.પૂ.મુનિરાજ શ્રી ભાગ્યોદયસાગરજી મ.સા.ના શિષ્ય તરીકે પ.પૂ.મુનિરાજ શ્રી અર્હતોદયસાગરજી મ.સા.ના નામ અને ઓળખ સાથે સંયમ જીવન માર્ગના પ્રવાસી થયા.


ધર્મ આરાધના, તપ, ત્યાગ સાથે વિક્રમ સંવત ૨૦૮૦ના કારતક વદી ૧૧ તિથિ દિને પૂજ્ય સાહેબ સંયમ જીવનના ૨ વર્ષ પૂર્ણ કરી ત્રીજા વર્ષમાં મંગળ પ્રવેશ કર્યો છે. સંયમ જીવનની આગામી સફર સુખરૂપે આગળ વધતી રજત, સુવર્ણ, હીરક અને અમૃત વર્ષ લાંઘી સર્વોચ્ચ શતકના શિખરે બિરાજે એ શુભ ભાવ, શુભકામના સાથે શત શત વંદના.




# ભાવભીની શ્રદ્ધાંજલિ



**મણિલાલ નાગડા**
તા.૪ ડિસેમ્બર (ઉ.૭૫)
ગોરખડી-કાંદીવલી



**જવેરચંદભાઈ મોતા**
તા.૫ ડિસેમ્બર (ઉ.૭૬)
કુઆપધર-ડોંબિવલી




**કુલિનકાંત લોડાયા**
તા.૬ ડિસેમ્બર (ઉ.૭૬)
સુથરી-અગાસ




**અરવિંદભાઈ મુનવર**
તા.૭ ડિસેમ્બર (ઉ.૮૦)
જખૌ-મુંબઈ





**કીર્તિકુમાર લોડાયા**
તા.૯ ડિસેમ્બર (ઉ.૭૫)
સુથરી-મુલુંડ



**હરીશભાઈ લાપસીયા**
તા.૯ ડિસેમ્બર (ઉ.૬૩)
દલતુંગી-હૈદ્રાબાદ



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● યુરોપના શિયાળાની કાતિલ ઠંડીથી બચવા આફ્રિકા ખંડની ગરમીનો લાભ મેળવવા પ્રવાસ કરનારા ઋતુ પ્રવાસી પક્ષીઓ પ્રવાસમાં કચ્છ થઈને જતાં હોવાથી કચ્છમાં ૪૭૦થી વધુ જાતના પક્ષીઓમાંથી ૩૦ ટકા એટલે કે ૧૫૬ જાતના પક્ષીઓ શિયાળા દરમ્યાન કચ્છમાં આવે છે. ચોમાસાની વિદાય સાથે સપ્ટેમ્બર મહિનામાં યુરોપથી આફ્રિકા શિયાળો ગાળવા જનારા આઠ જાતના કચ્છમાં પગ થોભ કરીને કચ્છમાં પસાર થતા પક્ષીઓની યાત્રા અને સંખ્યાની વૈજ્ઞાનિક ખબર મેળવવાના શુભાશય સાથે બર્ડ કન્ઝર્વેશન સોસાયટી ઓફ ગુજરાત સાથે ભારતની બર્ડ ઈન્ડિયા અને કચ્છ વન વર્તુળના સંયુક્ત પ્રયાસથી દેશભરના ૧૦૬ જેટલા પક્ષી નિષ્ણાતો કચ્છના ૨૪૦ નિયત થયેલ પોઈન્ટ ઉપર પક્ષી ગણતરી અભિયાન કર્યું હતું.

● અગિયાર હજારથી વધુ સભાસદ ધરાવતી ભુજ કોમર્શિયલ કો.ઓ.બેંકને એવીસ પબ્લિકેશન કોલ્હાપુર દ્વારા કાર્યદક્ષતા ક્ષેત્ર માટે બેન્કો બ્લુ રિબિન ૨૦૨૩ એવોર્ડ એનાયત કરાયો. કોલ્હાપુર સ્થિત એવીસ પબ્લિકેશન દ્વારા દર વર્ષે રાજ્ય સહકારી, ડિસ્ટ્રીક્ટ તેમજ અર્બન કો.ઓપ બેન્કો પાસેથી વહીવટી આંકડાકીય તથા બેન્કિંગ સંલગ્ન માહિતી મેળવી તેમના દેખાવના આધારે બેંકોને પુરસ્કૃત કરાય છે. જે અંતર્ગત દમણ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં રૂા.૬૦ થી ૭૦ કરોડની ડિપોઝીટ ધરાવતી ભુજ કોમર્શિયલ બેંકના વર્ષ ૨૨-૨૩ માટે અર્બન બેન્કસ કેટેગરીમાં પ્રથમ સ્થાને વિજયી ઘોષિત કરી રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના પૂર્વ સી.જી.એમ.પી.કે.અરોડાના હસ્તે બેન્કના ચેરમેન ગૌતમભાઈ ઠક્કર અને મેનેજીંગ ડાયરેક્ટર ધીરેનભાઈ ઠક્કરે સ્વીકાર્યો હતો.

● ૧૫ વર્ષની ઉંમરે કમ્પાઉન્ડર તરીકેની કારકિર્દી શરૂ કરનારા માંડવીના સેવાભાવી અગ્રણી આજે ૮૦ વર્ષની વયે પણ અવિરત સેવા કરી રહ્યા છે. ડોક્ટર પાસે કમ્પાઉન્ડર તરીકે સેવા બજાવતા શંકરભાઈ દેવશી ફોફિંડીએ આર.એમ.પી.પરીક્ષા પસાર કરી કાનૂની રીતે મેડિકલ પ્રેક્ટિસનો અધિકાર મેળવ્યો. તેમણે બળદિયા ભુજ તાલુકામાં ૧૫ વર્ષ પ્રેક્ટિસ કરી. અત્યારે મોચી બજાર વિસ્તારના આયુર્વેદ યુનાની પધ્ધતિથી લોકોની સેવા કરી રહ્યાં છે. તેમનું આ ગાળામાં અનેક સંસ્થાઓએ સન્માન કર્યું છે. જીવનભર વ્યસન મુક્તિની પ્રતિજ્ઞા લેવા બદલ તેમનું સ્વામિનારાયણ સંતોએ સન્માન કર્યું. વર્ષ ૧૯૯૭માં દુષ્કાળ રાહત ભંડોળ અર્થે આયોજિત ભક્તિ સંગીત કાર્યક્રમમાં કલ્યાણજી આણંદજી સાથે તેમનું પણ અભિવાદન કરાયું હતું. શહેરમાં દર મહિને યોજાતા નેત્ર નિદાન કેમ્પમાં તેઓ નિઃશુલ્ક આપી રહ્યા છે. વરસો સુધી તેઓ માંડવી ખારવા સમાજના પ્રમુખપદે સેવા આપી છે. ફાસ્ટ સાઈકલિંગમાં તેમણે ચેમ્પિયનશીપ મેળવી છે તથા હોમગાર્ડમાં પી.સી.કમાન્ડર તરીકે છ વર્ષ સેવા બજાવી છે.

● ભારત સહિત સમગ્ર વિશ્વ માટે ગ્લોબલ વોર્મિંગ એટલે કે જળ વાયુ પરિવર્તન એક મોટો પડકાર બની ગયો છે. પેટ્રોલ ડીઝલના ભડકે બળતા ભાવ અને પ્રદુષણના સતત વધતા વ્યાપને લીધે લોકો હવે બેટરીથી ચાલતા વાહનો તરફ વળ્યાં છે. કચ્છમાં પણ કેટલાક વર્ષોથી ઈ-બાઈકનું ચલણ વધ્યું છે. બેટરી આધારિત વાહનોના વપરાશ અંગે જાગૃતિ વધી છે પણ આ વાહનો માટે જરૂરી એવા ચાર્જિંગ સ્ટેશન સ્થાપવામાં ઉદાસીનતા જોવા મળી રહી છે. આરટીઓ કચેરીમાં નોંધાયેલી સતાવાર વિગતો મુજબ કચ્છમાં હાલે ૧૬૦૦થી વધુ ટુ વ્હીલર અને ૧૦૦ જેટલા ફોર વ્હીલર ઈ વાહનો નોંધાયું છે. તેની સામે ફોર વ્હીલર માટે એકેય ચાર્જિંગ સ્ટેશન નથી તો ટુવ્હીલર માટે વિશાળ વિસ્તાર ધરાવતા જિલ્લામાં એકલ દોકલ એટલે કે નહિવત સંખ્યામાં બેટરી ચાર્જિંગ સ્ટેશન કાર્યરત હોવાની વિગતો સામે આવી છે.

DON'T
# Compromise!




Portability Benefits Available



## COMPARE, SCRUTINIZE & DECIDE

**Karani**

: For Details Contact Us :

YASHODHAN KARANI 98211 37737

DEEPAK KARANI 98210 82664

DEEPAK MOMAYA 93233 44737

KALPESH LODAYA 93248 33133

- ☑ Global Cover
- ☑ No Room Rent Restrictions
- ☑ Consumables Benefit Cover
- ☑ Maternity Cover
- ☑ Emergency Air Ambulance
- ☑ OPD Dental Treatment Upto 10000/-
- ☑ OPD Treatment Upto 5000/-
- ☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
- ☑ Road Ambulance 5000 per Hospitalisation
- ☑ Compassionate Travel Upto 20000
- ☑ High End Diagnostic upto 25000
- ☑ Bariatric Surgery Cover
- ☑ No Claim Bonus 50% every year upto 100%
- ☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy

*T & C APPLY

# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA